ન્યૂન બલવાન્ હોય છે, અને કોઇ મનુષ્યના અંતઃકરણમાં સત્ત્વગુણનો અમુક ધર્મ કે ધર્મો બલવાન્ હોય છે, ને સત્ત્વગુણના બીજા ધર્મો તથા રજોગુણના ને તમોગુણના ધર્મો ન્યૂન બલવાન્ હોય છે. એવી રીતે જેઓએ પૂર્વોક્ત ત્રણ ગુણોનું અતિક્રમણ કર્યું નથી એવા અકૃતાર્થ મનુષ્યોના અંતઃકરણમાં તે ત્રણ ગુણમાંના કોઇ એક ગુણના ધર્મોનો વધારે સદ્ભાવ અને કોઇ એક ગુણના ધર્મોનો ન્યૂન સદ્ભાવ હોય છે. એ ત્રણે ગુણોના ધર્મો આત્માથી અભિન્ન બ્રહ્મના સાક્ષાત્કારમાં પ્રતિબંધ કરનાર હોવાથી મુમુક્ષુએ તે ત્રણે ગુણોના ધર્મોને બલહીન કરી દગ્ધબીજભાવને પમાડવા જોઇએ. પ્રત્યેક મુમુક્ષુએ પ્રથમ પોતાના અંતઃકરણાદિમાં કયા ગુણના કયા ધર્મો પ્રધાનપણે કામ કરે છે તે નક્કી કરવું જોઇએ, અને પછી તે ગુણના તે ધર્મોને દૂર કરવામાટે હવે પછી કહેવાશે તેવી ભાવનાઓ ને અન્ય યોગ્ય પ્રયત્ન દીર્ઘકાલ, નિરંતર, આદરપૂર્વક કરવાં જોઇએ. સર્વ મુમુક્ષુઓને ઉપયોગી થાય તેટલામાટે તે ત્રણે ગુણોના અપકારક ધર્મોને દૂર કરવાની શુભભાવનાઓ ને શુભપ્રયત્ન હવે પછી દર્શાવવામાં આવશે, તેમાંથી જે શુભભાવના ને તે શુભભાવનાનો પોષક જે શુભપ્રયત્ન પોતાને ઉપયોગી હોય તે શુભભાવનાનું ને તે શુભપ્રયત્નનું સેવન કરવામાં તેણે આદર રાખી જે અપકારક ધર્મને પોતાના અંતઃકરણમાંથી દૂર કરવાનો હોય તેને સંપૂર્ણ દૂર કરવો જોઇએ.

ત્રણ ગુણોનું અતિક્રમણ કરવાની શુભેચ્છા રાખનાર જિજ્ઞાસુએ પ્રથમ તમોગુણનું અતિક્રમણ કરવા પ્રયત્ન કરવો જોઇએ. તમોગુણનું અતિક્રમણ તમોગુણના જે ધર્મો પોતાના અંતઃકરણમાં વર્તતા હોય તેમને દૂર કરવાથી થઇ શકે છે માટે તમોગુણના આલસ્યાદિ ધર્મોને દૂર કરવામાટે મુમુક્ષુએ કેવી શુભભાવનાઓ કરવી જોઇએ, તથા કેવો શુભપ્રયત્ન કરવો જોઇએ તે નીચે જણાવવામાં આવે છે.

" અભ્યુદયમાં ને નિઃશ્રેયસમાં આલસ્ય એ મોટામાં મોટા વિઘ્ન રૂપ છે એમ પુસ્તકોમાં વાંચ્યા છતાં તથા મહાપુરુષોની પાસેથી સાંભળ્યા છતાં પણ હું હજી આલસ્યનો પરિત્યાગ કરી મારા પ્રામ વ્યવહારમાં તથા પરમાર્થનાં સાધનોના અનુષ્ઠાનમાં ઉદ્યોગી રહેતે નથી એ મારી કેટલી બધી ભૂલ થાય છે?

આલસ્ય એ તમોગુણનામના દુષ્ટ ને ભયંકર અસુરનો દુષ્ટ ને ભયંકર મોટો પુત્ર છે. તે મનુષ્યને ન જણાય એવી રીતે મનુષ્યના શરીરમાં, ઇંદ્રિયોમાં ને અંતઃકરણમાં પ્રવેશ કરી મનુષ્યનું અહિત કર્યા કરે છે એમ વિદ્વાનો કહે છે, ને હું સાંભળું છું, છતાં જાણે હું તેને સત્ય ન માનતો હોઉં એમ વર્તુ છું, અર્થાત્ આળસુ થઇને પડ્યો રહું છું એ મારી કેવી મૂર્ખતા છે?

જેમ લોહા આદિ ધાતુઓને કાટ ક્રમથી ખાઇ જઈ તેમને નકામી કરી મૂકે છે તેમ આલસ્ય આળસુ મનુષ્યના અંતઃકરણના, ઇંદ્રિયોના ને શરીરના શુભસામર્થ્યનો ક્રમથી નાશ કરી તેના જીવનનો અધઃપાત કરે છે એમ જાણ્યા છતાં હું મારાં અવશ્યનાં કર્તવ્યોમાં આળસુ થઇને શામાટે પડ્યો રહ્યો છું?

આલસ્ય એટલું બધું ધીમું ચાલે છે કે તેને દારિદ્ર્ય ઝટ પકડી પાડે છે. એ દારિદ્ર્ય મનુષ્યને જૂઠું બોલવામાં, ચોરી કરવામાં, ઠગાઈ કરવામાં, અન્યનું ભુંડું કરવામાં ને આપઘાત કરવામાં પ્રેરે છે. વિદ્વાનો દારિદ્ર્યને મરણના કરતાં પણ નઠારું ગણે છે. દરિદ્રી મનુષ્ય અન્નવસ્ત્રથી દુઃખી થાય છે, સારું નિવાસસ્થાન ને બીજી ઉપયોગી સામગ્રી પ્રાપ્ત કરી શકતો નથી, સગાંવહાલાંઓથી ને અન્ય જનોથી અપમાન પામ્યા કરે છે, ને તેનું જીવન લગભગ મુડદાના જેવું વ્યતીત થાય છે. આવું દુઃખમય દારિદ્ર્ય આલસ્યથી પ્રાપ્ત થાય

છે એમ સાંભળ્યા છતાં હું ઉદ્યોગવડે આલસ્યને દૂર કરતો નથી એ કેટલું બધું ભૂલભરેલું છે ?

સેંકડો દુઃખોથી ભરેલો જીવભાવ પણ આલસ્યનામના દોષથીજ મારા આત્મામાં પ્રતીત થઈ રહ્યો છે. જો આલસ્યનો પરિત્યાગ કરી હું વિવેકાદિ ચાર ને શ્રવણાદિ ત્રણ સાધનો સિદ્ધ કરું તો મારા સચ્ચિદાનંદસ્વરૂપ આત્મામાંથી એ સેંકડો દુઃખોથી ભરેલો જીવભાવ દૂર થઇ જાઇ હું પરમાનંદરૂપેજ રહું. એવી રીતે શાસ્ત્રે ઉપદેશ કરેલા શુભ પ્રયત્નનું હું આદરપૂર્વક સેવન કરતો નથી, ને આળસુ થઇને દુઃખાનુભવ કરતો પડયો રહ્યો છું એ કેટલું બધું શોચનીય છે ?

પળોપછી પળો, ઘડીઓપછી ઘડીઓ, મુહૂર્તોપછી મુહૂર્તો, હોરાઓપછી હોરાઓ, પ્રહરોપછી પ્રહરો, દિવસોપછી દિવસો, પક્ષોપછી પક્ષો, માસોપછી માસો, ઋતુઓપછી ઋતુઓ, અયનોપછી અયનો ને વર્ષોપછી વર્ષો ચાલ્યાં જાય છે, ને મૂલ્યવાન્ એવું મનુષ્યજીવન ઉત્તરોત્તર ઘટતું જાય છે, છતાં હું દુષ્ટ આલસ્યનો પરિત્યાગ કરતો નથી એ બહુજ ખેદની વાત છે !

ઊજડ થઇ ગયેલું ગામ કે નગર કાલે કરીને પુનઃ વસે છે, દૂર દેશમાં ગયેલું વહાણ સમય થયે પાછું આવે છે, નિર્ધન થયેલો મનુષ્ય તેના પુણ્યકર્મનો ઉદય થયે પુનઃ ધનવાન્ થાય છે, અગ્નિથી દાઝી ગયેલું વા કુવાડાથી કપાયેલું વૃક્ષ પુનઃ પાંદડાંવાળું થાય છે, પણ ગયેલો સમય પાછો આવતો નથી એમ જાણ્યા છતાં હું મનુષ્યજન્મનો મહામૂલ્યવાન્ સમય નિરર્થક વ્યતીત કર્યા કરું છું એ મારી કેવડી મોટી ભૂલ થાય છે ?

જીવના પુણ્યકર્મના ઉદયથી તેને મનુષ્યજન્મની પ્રાપ્તિ થાય છે. દેવો પણ નિષ્કામકર્માદિવડે પોતાનું પરમહિત સાધવા મનુષ્યજન્મના-

પ્રાપ્તિ કરવા ઇચ્છે છે. એ મનુષ્યશરીરની બાલ્યાવસ્થા ને વૃદ્ધાવસ્થા પોતાનું પરમહિત સાધવાના પ્રયત્નમાં બહુ ઉપયોગી થઇ શકતી નથી, માત્ર મનુષ્યશરીરની યુવાવસ્થા ને પ્રૌઢાવસ્થાજ પોતાનું પરમહિત સાધવામાં બહુ ઉપયોગી થઇ શકે છે. એ યુવાવસ્થાની ને પ્રૌઢાવસ્થાની પ્રત્યેક પલ મહામૂલ્યવાન્ છતાં મારા જેવા ઘણા યુવકો ને પ્રૌઢો પોતાના જીવનના દિવસો ને દિવસો તથા માસો ને માસો વ્યર્થ વ્યતીત કર્યા કરે છે એ જોઇ વિવેકી મનુષ્યોને ખેદ થાય છે.

આ સ્થૂલશરીરરૂપ લગભગ ઉઘાડા નવદ્વારવાળા પિંજરામાં પ્રાણરૂપ ચપલ પક્ષી રહે છે એ આશ્ચર્ય છે, ને તે પ્રાણરૂપ પક્ષી આ સ્થૂલશરીરરૂપ પિંજરામાંથી ઊડી ગયા પછી પાછો પ્રવેશ કરતો નથી એમ જાણી સમજુ મનુષ્યે પોતાનું પરમહિત સાધવા આલસ્યનો પરિત્યાગ કરી નિરંતર ઉદ્યોગી રહેવું જોઇએ એમ જાણતાં છતાં હું ઉદ્યોગી રહેતો નથી એ બહુ ખેદની વાત છે!

આળસુ મનુષ્યોને હાથે શુભકર્મો થઈ શકતાં નથી, પણ ઇંદ્રિયોના તથા અંતઃકરણના વિષયોભણી જવાના સ્વાભાવિક તીવ્રવેગને લીધે તેનાથી ઘણાં ભૂલભરેલાં–પોતાને તથા અન્યને અપકાર કરે એવાં–કર્મો થાય છે. ‘ નવરો નખોદ વાલે ’ ઇત્યાદિ કહેવતો પણ આળસુ માણસ અયોગ્ય કામમાં પ્રવૃત્ત થાય છે એમ જણાવે છે. એ બધું સાંભળ્યા છતાં ને જાણ્યા છતાં પણ મારા જેવા આળસને વશ થયેલા મનુષ્યો આળસનો પરિત્યાગ કરી શકતા નથી એ આળસમાં રહેલી અદ્ભુત મોહની જણાવે છે.

આળસ એ અફીણના જેવું છે. અફીણના સેવનથી જેમ મનુષ્ય ઉત્તરોત્તર પોતાના શરીરનું સામર્થ્ય ને બુદ્ધિનું શુભ સામર્થ્ય ગુમાવતો જાય છે તેમ આળસના સેવનથી પણ મનુષ્ય ઉત્તરોત્તર

પોતાના શરીરનું સમર્થ્ય ને બુદ્ધિનું શુભ સામર્થ્ય ગુમાવતો જાય છે. અફીણી મનુષ્ય જેમ પોતાનો પ્રાતઃવ્યવહાર નિયમિત ને સારો કરી શકતો નથી તેમ આળસુ મનુષ્ય પણ પોતાનો પ્રાતઃવ્યવહાર નિયમિત ને સારો કરી શકતો નથી. અફીણ જેમ મનુષ્યના મલને તેના ઉદરમાં રોકવામાં હેતુભૂત થાય છે તેમ આળસ પણ મનુષ્યના દુર્ગુણોને તેના અંતઃકરણમાં રોકી રાખવામાં હેતુભૂત થાય છે. જો અફીણનું સેવન અપકારક હોય તો આળસનું સેવન તેનાથી પણ વધારે અપકારક છે એમ સમજી મારે તેનો અવશ્ય પરિત્યાગ કરવો જોઇએ.

જેમ લોઢાનો ગોળો સાગરમાં તરી શકતો નથી, પણ તે સાગરમાં ડુબી જાય છે તેમ આળસુ મનુષ્ય પણ આ ભવસાગરને તરી શકતો નથી, પણ તે ભવસાગરમાં ડુબી જાય છે. આવા ભવસાગરમાં ડુબાડનારા આળસનો મારે શામાટે ઊતાવળે ત્યાગ ન કરવો જોઇએ ?

એક દોષ બીજા દોષને પોતાના ભણી આકર્ષવાના સ્વભાવવાળો હોવાથી આ આળસનામનો દોષ પણ અફીણ, મદ્ય, સુરા, ગાંજો, ભાંગ ને તમાકુ આદિના સેવનરૂપ દોષને પોતાના ભણી આકર્ષી આળસુ માણસને અફીણ આદિના દુર્વ્યસનોમાં જોડી તેનો અધઃપાત કરે છે. એવી રીતે મનુષ્યનો અધઃપાત કરવામાંજ આનંદ માનનાર આળસની ઉપાસના કરવામાં આનંદ માનનાર મારા જેવા મનુષ્યને મહામૂર્ખવિના બીજી કઇ સારી ઉપમા આપી શકાય ?

જેમ કોઇ બલવાન્ વેરીએ પકડેલો મનુષ્ય પોતાના ઇચ્છિત સ્થાનભણી આગળ વધી શકતો નથી, પણ તે જ્યાં હોય ત્યાંજ રહે છે, અથવા તે જ્યાં હોય ત્યાંથી પાછો ખેંચાયા કરે છે તેમ આળસનામના મનુષ્યના દુષ્ટ શત્રુવડે પકડાયેલો મનુષ્ય પણ

પોતાના વ્યાવહારિક વા પારમાર્થિક પ્રાપ્તવ્યભણી આગળ વધી શકતો નથી, પણ તે જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં રહે છે, અથવા તે જે સ્થિતિમાં હોય તે સ્થિતિમાંથી ઉત્તરોત્તર ઊતરતી સ્થિતિમાં જતો જાય છે. આવો અપકાર કરનારા આળસનામના દુષ્ટ શત્રુમાં પણ હજી મને મિત્રના જેવી બુદ્ધિ રહે છે એ મારું મોટું દુર્ભાગ્ય નહિ તો બીજું શું ?

જેમ કોઇ બલવાન્ અજગરે ગળવા માંડેલો નિર્બલ પ્રાણી અજગરના મુખમાંથી મોકળો થઇ શકતો નથી, પણ તે તેના ઉદરમાં પ્રવેશ કરી મરણનું શરણ ગ્રહણ કરે છે તેમ આ આળસનામના ભયંકર અજગરે ગળવા માંડેલો નબળા મનોબલવાળો મનુષ્ય પણ આ આળસનામના અજગરના મુખમાંથી મોકળો થઇ શકતો નથી, પણ તેમાંજ લીન થઇ તે અધઃપાતરૂપ મરણનું શરણ ગ્રહણ કરે છે. હે પરમકારુણિક સદ્ગુરો ! આ આળસનામના મહાભયંકર અજગરના મુખમાંથી મને મોકળો કરવા કૃપા કરશો.

જેમ અફીણનું વિષ ચઢવાથી તે મનુષ્યની જાગ્રદવસ્થા દૂર થઇ તેને તંદ્રા આવવા લાગે છે, ને તે પોતાના પ્રાપ્ત કર્તવ્યમાં સાવધાનતાવાળો રહી શકતો નથી તેમ આ આળસનું વિષ ચઢવાથી તે આળસુ મનુષ્યનું મન પોતાના કર્તવ્યમાં જાગ્રત્ રહી શકતું નથી, પણ કર્તવ્યવિમુખ થતું જાય છે. એવી કર્તવ્યવિમુખતા મનુષ્યની ઉત્તરોત્તર અધોગતિ કરે એ સ્પષ્ટજ છે. હે ભક્તવત્સલ ગુરો ! મને કર્તવ્યવિમુખ કરનારા આળસથી બચાવવા કૃપા કરશો.

જેમ પક્ષિઘાતકે વૃક્ષની શાખાપર લગાડેલા અત્યંત ચીકણા રસપર બેસતાં પક્ષીના પગો તેમાં ચોટી જાય છે, ને પછી તે પક્ષી ત્યાંથી ઊડી શકતું નથી, પણ મરણ પામે છે, તથા જેમ જમવા

બેઠેલા કોઇ યવને માખીઓના ઉપદ્રવથી બચવામાટે જમવાના મેજ-ઉપર રાખેલા કાગળપરના અતિચીકણા રસપર બેસતાં તે માખીઓ તેની સાથે ચોટી જાય છે, ને ત્યાંથી ઊડી શકતી નથી, અને મરણ પામે છે તેમ આળસની સાથે જેમનું મન ચોટી જાય છે તે મનુષ્યો પણ તમોગુણની સાથે અભેદભાવ પામ્યાજેવા થઇ પોતાની અધોગતિનેજ સંપાદન કરે છે. હે પ્રિયતમ સદ્ગુરો ! આવા અધો-ગતિ કરનારા આળસથી મારું રક્ષણ કરવા કૃપા કરશો.

બિલાડી ઉદ્યોગી રહેવાથી પોતાની પાસે ગાય આદિ નહિ છતાં પણ બહુધા નિત્ય દૂધને વા ઘીને પ્રાપ્ત કરે છે, મધમાખીઓ ઉદ્યોગી રહેવાથી મધુર મધને પ્રાપ્ત કરે છે, અને સિંહાદિ ઉદ્યોગી રહેવાથી પોતાના ભક્ષ્યને પ્રાપ્ત કરે છે, તથા ‘ ફરે તે ચરે ને બેસી રહે તે ભૂખે મરે ’ એવી ઉદ્યોગની શ્લાઘા ને આળસની નિંદા કરનારી કહેવત પણ લૌકિક જનો કહે છે, છતાં હું મારા પ્રાપ્ત-વ્યવહારમાં અને પરમાર્થનાં સાધનોનું અનુષ્ઠાન કરવામાં સદા ઉદ્યોગી રહેતો નથી એ મારી મોટી ભૂલ થાય છે. હે અકારણ કૃપા કરનારા ગુરુદેવ ! મને નિરંતર શુભ ઉદ્યોગ કરવાનું બલ આપવા દયા દર્શાવશો.

આકાશમાં સૂર્ય, તારાગણ, ગ્રહગણ તથા ચંદ્ર એ સૌ પોત-પોતાના કર્તવ્યમાં ઉદ્યોગી જણાય છે, સમુદ્ર ભરતીઓટ કરવામાં ઉદ્યોગી જણાય છે, નદીઓ નીચાણના પ્રદેશમાં વહન કરવામાં ઉદ્યોગી જણાય છે, અને પશુઓ પંખીઓ ને કીટો પણ પોતપોતાનું ભક્ષ્ય શોધવામેળવવા ઉદ્યમી જણાય છે, માત્ર હુંજ મોટા જડ-પાષાણની પેઠે આળસુ થઇને પડ્યો રહ્યો છું, ને ઉદ્યોગનું માહાત્મ્ય સમજી સ્વકર્તવ્યપરાયણ થતો નથી. હે દીનબંધો ! હે અંતર્યામિન્ ! આ દીનજનના ઉપર કૃપાની વૃષ્ટિ કરી તેને ઉદ્યોગનું માહાત્મ્ય

સમજાવી, સુવિચારરૂપ ને સુકર્મરૂપ ઉદ્યોગમાં તત્પર રહેવાનું સામર્થ્ય આપવા કરુણા કરશો.

નેત્રવડે નહિ પ્રતીત થતો કાલ-સમય-પણ ક્ષણ, પલ, ઘડી, મુહૂર્ત, હોરા, પ્રહર, દિવસ, રાત્રિ, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ, યુગ, કલ્પ ને મહાકલ્પરૂપે પોતાનું કામ કરવામાં નિરંતર અપ્રમત્તપણે ઉદ્યોગી રહે છે, માત્ર હુંજ આળસનો દાસ થઇને પડયો રહ્યો છું, ને મારું હિત કરનાર જે શુભકર્તવ્ય છે તેના સેવનમાં ઉદ્યોગી રહેતો નથી. હે દીનનાથ સદ્ગુરો ! આપ આ આળસુ અનાથને પોતાના શુભકર્તવ્યમાં સતત ઉદ્યોગી રહેવાનું સામર્થ્ય આપવા આપની અમોઘ કૃપાનાં કિરણો ફેંકશો.

મારા સ્થૂલશરીરની અંતર બંને પ્રકારની રક્તવહા નાડીઓ નિરંતર પોતપોતાનું કામ કરવામાં ઉદ્યોગી જણાય છે, પ્રાણવહા નાડીઓ (ગતિતંતુઓ) પણ પોતાનું કામ કરવામાં નિરંતર ઉદ્યોગી જણાય છે, મનોવહા નાડીઓ (જ્ઞાનતંતુઓ) પણ પોતાના કામમાં સર્વદા ઉદ્યમી જણાય છે, અને પ્રાણવાયુ પણ અટકયા વિના નિરંતર પોતાની ક્રિયા કરી રહ્યો છે, માત્ર હુંજ મનુષ્યજીવનનું મૂલ્ય નહિ સમજીને આળસુ થઇને પડ્યો રહ્યો છું, ને ધમણની પેઠે નિરર્થક શ્વાસોચ્છ્વાસની ક્રિયા કર્યા કરું છું. હે કરુણાસાગર સદ્ગુરો ! આપ આ અધમને પોતાના કર્તવ્યમાં ઉદ્યમી રહેવાનું બલ આપવાની દયા કરશો.

પુણ્યનું ફલ સુખ ને પાપનું ફલ દુઃખ છે એમ જાણતાં છતાં પણ હું પાપકર્મનો પરિત્યાગ કરવામાટે ને પુણ્યકર્મની પ્રાપ્તિ કરવામાટે ઉદ્યોગી થતો નથી, અને દુઃખના અભાવને તથા સુખની પ્રાપ્તિને તો હું ઇચ્છું છું તેથી પ્રયત્નવિના ફલની ઇચ્છા રાખનાર હું મૂર્ખજ છું એમાં કાંઇ સંશય નથી.

१२२२८

હે સદ્‌ગુરો ! આપે દયાવડે ઉપદેશ કરેલા મોક્ષમંત્રનો વાણીથી જપ કરવાવડે અને તે મંત્રવડે પ્રતિપાદ્ય દેવમાં મનને એકાગ્ર કરવાવડે મનુષ્ય ક્રમથી ત્રિવિધ દુઃખની અત્યંતનિવૃત્તિ અને પરમાનંદની નિત્યપ્રાપ્તિ કરવા સમર્થ થાય છે એમ મેં સાંભળ્યું છે, છતાં હું અધોગતિના મૂલરૂપ તથા પાપનું પોષણ કરનાર આળસનો પરિત્યાગ કરી ઇષ્ટમંત્રના જપમાં ને ઇષ્ટદેવના ધ્યાનમાં ઉદ્યોગી થતો નથી એ મારું હતભાગ્યજ છે.

હું મારા શરીરની બહાર જોઉં છું તો ત્યાં પણ વ્યક્તાવ્યક્ત ક્રિયા ચાલી રહેલી જોવામાં આવે છે. માયા ને માયાનાં સર્વ કાર્યો ક્ષણે ક્ષણે પરિણામ પામવાની ક્રિયા કરી રહ્યાં છે. પોતપોતાના ઉપાદાનકારણમાંથી પ્રાણીઓનાં શરીરો ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયેલાં તે શરીરો વધવા માંડે છે, પછી તે પરિણામ પામવા લાગે છે, ને પશ્ચાત્ તે ક્ષીણ થવા લાગે છે. જલચરો, ભૂચરો ને ખેચરો એ સૌ ઉદ્યોગપરાયણ પ્રતીત થાય છે. એ સર્વ જાણે મને આળસનો પરિત્યાગ કરી ઉદ્યોગી રહેવાનો બોધ કરતાં હોય એમ જણાય છે, છતાં હું મારા અંતઃકરણપર ચઢી બેઠેલા આળસનામના રાક્ષસને દૂર કરી મારા અંતઃકરણને શુભેચ્છાવાળું રાખી શુભકર્મમાં પ્રવૃત્ત થતો નથી એ બહુ ખેદની વાત છે. હે જીવના અંતઃકરણમાં રહેલા અસુરોને હણનાર ગુરો ! આળસનામના અસુરથી મારું રક્ષણ કરો, રક્ષણ કરો.

શાસ્ત્રે ઉપદેશ કરેલાં સંધ્યાવંદન, દેવપૂજન, હોમ, શાસ્ત્રાધ્યયન, વૈશ્વદેવ, અતિથિનો સત્કાર, સુપાત્રને વિનયપૂર્વક દાન ને યજ્ઞાદિ શુભકર્મો કર્તાપણાના અભિમાનનો ને ફલની ઇચ્છાનો પરિત્યાગ કરીને કરવાથી કર્તાના ચિત્તની શુદ્ધિ થાય છે, અને ચિત્તની શુદ્ધિ થવાથી સંસારના વિષયોની તૃષ્ણા શિથિલ થવા લાગે છે એમ

વાંચ્યા છતાં તથા સાંભળ્યા છતાં હું મારા મંદભાગ્યને દોષ આપી આળસુ મટીને શુભકર્મોમાં આદરપૂર્વક પ્રયત્નશીલ થતો નથી આ મારા હીનભાગ્યની વાત છે

હું અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એ પાંચ યમોનુ માહાત્મ્ય કાંઇક સમજું છું, પણ તે પાંચ યમોમાંથી એક પણ યમને સિદ્ધ કરવા હું આદરપૂર્વક ક્યાં પ્રયત્ન કરું છું ? શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય ને ઇશ્વરપ્રણિધાન એ પાંચ નિયમોનાં સ્વરૂપ મેં સાંભળ્યાં છે, વા વાંચ્યાં છે, પણ તેમાનો એક પણ નિયમ પરિપક્વ કરવા હું ક્યાં ઉદ્યોગી રહું છુ ? જેમ ક્રિયા-હીન પાષાણને સંભળાવેલાં યમનિયમનાં સ્વરૂપો નિરર્થક છે તેમ ઉદ્યોગહીન મને સંભળાયેલાં યમનિયમનાં સ્વરૂપો પણ મારે માટે નિરર્થક નિવડ્યાં છે. ઉદ્યોગને અભાવે પુણ્યકર્મ કરી પુણ્યકર્મના સંસ્કારો મે મારા અંતઃકરણમાં પાડ્યા નથી, પુણ્યકર્મના સંસ્કારોને અભાવે મને યમનિયમનું માહાત્મ્ય સમજાતું નથી, અને તે બંનેના માહાત્મ્યજ્ઞાનને અભાવે આળસનામના ક્રૂર રાક્ષસના પંજામાંથી મોકળો થઇ હું યમનિયમને સિદ્ધ કરવા પ્રયત્ન કરી શકતો નથી. હે યમસિદ્ધ ને નિયમસિદ્ધ સદ્ગુરો ! મને યમનિયમને સુદૃઢ સિદ્ધ કરવા ઉદ્યોગી કરો.

મેં સિદ્ધ, પદ્મ, સ્વસ્તિક ને પશ્ચિમતાન આદિ આસનોનાં નામો યોગગ્રંથોમાંથી કે યોગાભ્યાસીપાસેથી જાણ્યાં, પણ તે આસનો આળસનો ત્યાગ કરી ઉદ્યોગી રહ્યા વિના સિદ્ધ શી રીતે થઇ શકે ? એવી રીતે મેં સૂર્યભેદનાદિ પ્રાણાયામોનાં નામો જાણ્યાં, પણ તે પ્રાણાયામો પ્રયત્ન કર્યા વિના સિદ્ધ શી રીતે થઇ શકે ? એવી રીતે મેં પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, સંયમ, સંપ્રજ્ઞાતયોગ, ધર્મમેઘ-સમાધિ ને અસંપ્રજ્ઞાતયોગ એ સર્વનાં નામો સાંભળ્યાં, પણ માત્ર તે

સર્વનાં નામો સાંભળવાથી તે કાંઇ સિદ્ધ થઇ જાય? તેને માટે તો અસાધારણ પ્રયત્ન કરવો જોઇએ આળસના ત્યાગવિના પ્રયત્ન શી રીતે થઇ શકે ? હું મૂર્ખ છું તેથીજ પ્રયત્ન કર્યા વિના તે સર્વની સિદ્ધિને ઇચ્છું છું, જ્યારે ભોજનપાત્રમાં મૂકેલો શેકેલો પાપડ પણ જમનારના હાથના પ્રયત્નવિના ભાંગતો નથી, જ્યારે ભોજનપાત્રમાં પીરસાયેલું ઉત્તમોત્તમ અન્ન પણ હાથ ચલાવ્યા વિના મુખમાં આવી પડતું નથી, જ્યારે મુખમાં મૂકેલું અન્ન પણ દાંતો દાઢો જીભ ને અન્નનલની ક્રિયા-વિના હોજરીમાં જતું નથી, અને જ્યારે હોજરીમાં આવેલું અન્ન પણ હોજરીની ક્રિયાવિના રસરુધિરાદિરૂપે પરિણામ પામતું નથી ત્યારે અનાદિકાલથી બહિર્મુખસ્વભાવવાળી થયેલી ઇંદ્રિયોને અને અનાદિ-કાલથી બહિર્મુખ સ્વભાવવાળા થયેલા મનને અસાધારણ ઉદ્યોગવિના મનુષ્યથી અંતર્મુખ શી રીતે કરી શકાય ? જેમ સેવા કર્યા વિના સેવકને વેતન (પગાર) માગવાનો લેશ પણ અધિકાર નથી તેમ પ્રત્યા-હારાદિનો આદરપૂર્વક અભ્યાસ કર્યા વિના પ્રત્યાહારાદિની સિદ્ધિની આશા રાખવાનો મને લેશ પણ અધિકાર નથી એમ હું જાણું છું, પણ હું આળસનો પરિત્યાગ કરી પ્રત્યાહારાદિની સિદ્ધિમાટે યથાયોગ્ય ઉદ્યોગ કરતો નથી એટલે મારું તે જાણવું ધૂળપર લીંપણજેવું અર્થાત્ નકામું છે. હે ચિત્તવિશ્રાંતિના ઉપાયોને સ્વાનુભવથી જાણનારા ગુરુ-દેવ ! મને પ્રત્યાહારાદિ ચિત્તનિરોધનાં સાધનોનું સતત અનુષ્ઠાન કર-વાનું બલ આપવા દયા દર્શાવશો.

મેં પરમાત્માની શ્રવણાદિ નવધા ભક્તિનાં સ્વરૂપો સાંભળ્યાં, તથા અનન્યભક્તિનું-પ્રેમલક્ષણાભક્તિનું-ઐકાંતિકભક્તિનું-પરાભક્તિનું-સ્વરૂપ પણ મેં શાસ્ત્રાદિદ્વારા સાંભળ્યું, પણ તેથી શું વળ્યું ? જો હું તેમાંની કોઇ એક ભક્તિ શ્રદ્ધા ને આદરપૂર્વક સતત કરું તોજ હું પરમાત્માનો અનુગ્રહ મેળવવાને ભાગ્યશાલી થઉં. જો હું બેઠો બેઠો

બગાસાં ખાધા કરું, નકામી વાતો કર્યા કરું, જ્યાં ત્યાં રઝળ્યા કરું, વ્યસનોનું સેવન કર્યા કરું, વ્યવહારપરમાર્થમાં જેનો ઉપયોગ નથી એવી નિરર્થક ક્રિયાઓ કર્યા કરું, વા પોતાને અને અન્યને અપકાર કરનારાં કૃત્યો કર્યા કરું તો આવાં આળસનાં રૂપાંતરોના સેવનવડે પણ હું મારું હિત ન સાધતાં અહિતનેજ સાધું. હે પ્રાણિમાત્રનું વાસ્તવિક હિત ઇચ્છનારા સદ્ગુરો! આ આળસરૂપ દઢ પાશમાં બંધાયેલા જીવાત્માના આળસરૂપ દઢ પાશને છેદવાની દયા કરશો.

નિત્યાનિત્ય વસ્તુને પૃથક્ સમજવાના સામર્થ્યરૂપ વિવેક, અનિત્ય પ્રાણિપદાર્થમાં રાગરહિતપણારૂપ વૈરાગ્ય, અનાત્મ પદાર્થોમાં ભમતા મનને આત્માભિમુખ રાખવાના સામર્થ્યરૂપ શમ પોતપોતાના વિષયોભણી તીવ્રવેગથી જવાના સ્વભાવવાળી ઇંદ્રિયોને આત્માભિમુખ રાખવાના સામર્થ્યરૂપ દમ, મોક્ષનું પ્રતિપાદન કરનારા વેદાદિ શાસ્ત્રોના ઉપદેશમાં ને પોતાના શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુના ઉપદેશમાં આ ઉપદેશ સત્યજ છે એવી અવિચલ સમજરૂપ શ્રદ્ધા, શુભાશુભ પ્રારબ્ધકર્મના ઉદયથી પ્રાપ્ત થતા અનુકૂલપ્રતિકૂલ પ્રસંગમાં તેને મિથ્યા સમજી મનને હર્ષશોકને વશ ન થવા દેવાના સામર્થ્યરૂપ સમાધાન, દૃશ્યને મિથ્યા સમજી તથા રાગદ્વેષને વશ રાખી મનને પ્રશાંત રાખવાના બલરૂપ ઉપરતિ, ટાઢતડકાને ભૂખતરસને તથા માનાપમાનાદિને સમ ગણી તેને સહન કરવાના બલરૂપ તિતિક્ષા અને ત્રણ પ્રકારનાં દુઃખની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિરૂપ અથવા દુઃખમય જન્મમરણની પરંપરારૂપ બંધનથી મોકળા થવારૂપ અને પવિત્ર પરમાનંદની નિત્યપ્રાપ્તિરૂપ સદ્યોમોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા-મુમુક્ષુતા-આ સર્વે આત્માથી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનાં સાધનો મેં

સાંભળ્યાં છે તે સાધનોનાં નામ તથા તેમનું સ્વરૂપ શાસ્ત્રાદિદ્વારા સાંભળવામાં આવ્યા છતાં પણ મહાપાપમય આળસનો પરિત્યાગ કરી તે સાધનોની શીઘ્ર પ્રાપ્તિ કરવા હું યથાયોગ્ય ઉદ્યોગ કરતો નથી, ને મૂલ્યવાન્ મનુષ્યશરીરના જીવનકાલને વ્યર્થ વ્યતીત કર્યા કરું છું એ યોગ્ય થતું નથી. હે અલૌકિક ગરુડરૂપ સદ્ગુરો! આપ મને આ આળસરૂપ નાગપાશના ત્રાસદાયક બંધનથી મૂકાવવા ઉતાવળે દયા કરો.

શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ને પરમકારુણિક સદ્ગુરુદ્વારા વેદાંતશાસ્ત્રનું શ્રવણ, અંતરાત્માથી અભિન્ન બ્રહ્મના સ્વરૂપનું ભેદનો બાધ કરનારી ને અભેદને સિદ્ધ કરનારી યુક્તિપૂર્વક નિરંતર ચિંતન કરવારૂપ મનન અને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મનું અનાત્માકાર વૃત્તિઓના અંતરાયથી રહિત સતત ધ્યાન કરવારૂપ વા વિચાર કરવારૂપ નિદિધ્યાસન આ ત્રણ અંતર[illegible]થી અભિન્ન બ્રહ્મનો સાક્ષાત્કાર કરવાનાં સમીપનાં સાધનો છે એમ શાસ્ત્રદ્વારા ને બ્રહ્મજ્ઞ પુરુષોદ્વારા સાંભળ્યા છતાં પણ હું આલસ્યરૂપ પિશાચિકાના પાશમાંથી મોકળો થઇ તે શ્રવણાદિ સાધનો[illegible] પ્રાપ્તિ કરવામાં ઉત્સાહપૂર્વક નિરંતર ઉદ્યોગી થઇ શકતો [illegible] [illegible]હિતની અસમજરૂપ મોટી મૂર્ખતા છે હે આલસ્ય-[illegible] [illegible]થી મુક્ત કરવાના સામર્થ્યવાળા [illegible] [illegible]ચિકાના પાશમાંથી મોકળો

[illegible]નારાં વીશ સાધનો.

[illegible]પ્તિ

[illegible]

સંબંધી પ્રાણિપદાર્થમાંથી મમતા મૂકવામાં પણ આળસને વશ વર્તનારે હું ઉદ્યોગી થઇ શકતો નથી એ બહુ ખેદની વાત છે.

લૌકિક ને અલૌકિક બંને પ્રકારની સંપત્તિ આળસુનો પરિત્યાગ કરે છે, અને લૌકિક ને અલૌકિક બંને પ્રકારની સંપત્તિ ઉદ્યોગીનો આશ્રય કરે છે. હવે મારે જો લૌકિક સંપત્તિ પ્રાપ્ત કરવી હોય તોપણ દુર્ભાગ્યનું પોષણ કરનારા આળસનો પરિત્યાગ કરી ઉદ્યોગી થવું જોઇએ, અને મારે જો સ્વર્ગરૂપ કે મોક્ષરૂપ અલૌકિક સંપત્તિ પ્રાપ્ત કરવી હોય તોપણ અધોગતિના હેતભૂત આળસનો અનાદરપૂર્વક પરિત્યાગ કરી ઊર્ધ્વગતિના હેતુભૂત ઉદ્યોગને સેવવો જોઇએ.

જો મારે આલસ્યનો ચોક્સ પરિત્યાગ કરવો હોય તો આસનનો, પ્રાણાયામનો, કથાશ્રવણનો, પ્રત્યાહારનો, આહારને નિયમમાં રાખવાનો ને ઉંડા શ્વાસો લેવાનો પ્રયત્ન કરવો જોઇએ ... પા ઉદ્યોગી પુરુષોનો બહુજ પ્રેમપૂર્વક સંગ સેવવો જોઇએ.

સામર્થ્ય છતાં વ્યવહારનાં અગત્યનાં શુભકર્મોમાં તથા પરમાર્થનાં સાધનોમાં ઉત્સાહરહિતપણું ને અપ્રવૃત્તિ એ આલસ્ય ...
આલસ્ય એ શબ્દ નપુંસકલિંગ છે. એ ...
શ્રયથી મારું આ લોકનું કે પરલો...
પણ ઉદ્યોગ (પોતાના ...
કર્મોમાં તથા પરમાર્થ...
પુલ્લિંગ છે. તે ઉદ્યો...
પર...